# શહેર વસાહત મહામંડળ દ્વારા 'ચરણસેવા' અને 'પક્ષીપરબ' સેવા માટે દાન આપવા નગરજનોને હાકલ

## ચરણસેવામાં અત્યાર સુધીમાં આશરે અઢી લાખ જરૂરિયાતમંદો અને ગરીબ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે પગરખાં અપાયા છે : છેલ્લા પાંચ વર્ષમાં ૬૦૦૦ થી વધુ પક્ષી પરબોનું મફત વિતરણ કરાઈ ચુક્યુ છે

ગાંધીનગર, તા. ૩

ઉનાળાના બળબળતા તાપથી ત્રાહિમામ થતા જરૂરિયાતમંદ શ્રમજીવીઓના ઉઘાડા પગને રક્ષણ આપવા ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા સદ્‌વિચાર પરિવાર અને અરૂણોદય સેવા ટ્રસ્ટના સહકારથી 'ચરણસેવા' અભિયાન ચલાવવામાં આવે છે. આ ઉપરાંત આ ગરમીના દિવસોમાં પક્ષીઓની પાણીની તરસ છીપાવવા પક્ષીપરબનું પણ વિનામૂલ્યે વિતરણ છેલ્લા પાંચ વર્ષથી કરવામાં આવે છે. આ બન્ને ઉમદા સેવાકીય કાર્યોને વેગ આપવા મહામંડળ દ્વારા નગરજનોને દાન દ્વારા આર્થિક સહયોગ આપવા હાંકલ કરાઈ છે.

શહેરના જરૂરિયાતમંદ શ્રમજીવીઓ અને તેમના શાળાએ જતા બાળકોને ઉનાળાની કારમી ગરમીમાં પગને રક્ષણ આપવા શહેર વસાહત મહામંડળ દ્વારા ૧૯૯૨ થી 'ચરણસેવા' અભિયાન ચલાવવામાં આવે છે. આ અભિયાનમાં અત્યાર સુધીમાં ૨,૪૫,૦૦૦ લોકોને અને ૨૧,૪૦૦ વિદ્યાર્થીઓને પગરક્ષણ માટે વિના મૂલ્યે પગરખાં પુરા પાડવામાં આવી ચૂકયા છે. માનવતાભર્યા આ કાર્યમાં મહામંડળે સદ્‌વિચાર પરિવાર અને અરૂણોદય સેવા ટ્રસ્ટને સહકાર પ્રાપ્ત છે તેમજ અનેક લોકો દ્વારા આર્થિક સહયોગ આપીને પણ આ સેવાકીય પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવામાં આવે છે.

આ ઉપરાંત ઉનાળામાં પંખીઓને પાણીની ખૂબ જ જરૂર પડે છે. આ પક્ષીઓની તરસ છીપાવવા નાગરિકોને મફત પાણીના કુંડાનું વિતરણ કરી પોતાના ઘરે છજામાં, અગાસીમાં કે ઘરના કંપાઉન્ડમાં આ પક્ષીપરબ મુકીને કેટલાકને પંખીઓ માટે પાણીની વ્યવસ્થા કરવા પ્રેરિત કરાય છે. છેલ્લા પાંચ વર્ષથી ચાલી રહેલી આ પ્રસંશનીય પ્રવૃત્તિમાં પણ અત્યાર સુધીમાં ૬૦૦૦ થી વધુ પક્ષી પરબોનું વિતરણ કરાઈ ચુક્યું છે.

શહેર વસાહત મહામંડળની આ ઉમદા સેવાકીય પ્રવૃત્તિઓને વેગ મળે અને વધુમાં વધુ જરૂરિયાતમંદો સુધી પહોંચીને મદદરૂપ થઈ શકાય તે માટે શહેરના નગરજનોને ખુલ્લા દિલે આર્થિક સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો છે. 'ચરણસેવા' દ્વારા પગરક્ષણ આપવાના અને પક્ષીપરબ દ્વારા પંખીઓની તરસ છીપાવવાના આ સેવા યજ્ઞમાં દાન આપવા મહામંડળ દ્વારા દરેક સેક્ટરોમાં પ્રતિનિધિઓની નિમણૂંક કરવામાં આવી છે. એક વ્યક્તિને પગરખાં પહેરવવાનો અંદાજિત આશરે ખર્ચ રૂપિયા ૫૦ અને એક પક્ષી પરબ માટે આશરે રૂપિયા ૨૦નો ખર્ચ થાય છે. મહામંડળ દ્વારા પ્રતિ વર્ષ ૧૫ થી ૨૦ હજાર લોકોને વિનામૂલ્યે પગરખાં પુરા પાડવાનો આશય રાખવામાં આવેલ છે.

**શહેર વસાહત મંડળ દ્વારા 'ચરણસેવા' અને 'પક્ષીપરબ' માટે દાન દ્વારા આર્થિક સહયોગ પુરો પાડવા દરેક સેક્ટરમાં પ્રતિનિધો નીમવામાં આવ્યા છે.**

| નામ | સેક્ટર | ટેલીફોન |
|---|---|---|
| ભુપેન્દ્રભાઈ બેંકર | અમદાવાદ | ૨૬૮૬૦૧૯૭ |
| સદ્‌વિચાર પરિવાર | અમદાવાદ | ૨૨૮૬૧૦૫૫ |
| અરૂણભાઈ બુચ | સે. ૨૦ | ૨૩૨-૬૦૩૭૦ |
| પ્રમુખ શ.વસાહત મહામંડળ | | ૯૮૨૫૦૧૮૧૩૪ |
| કિશોરભાઈ દવે | સે.૧ | ૨૩૨-૨૪૩૩૯ |
| બી.પી. પરમાર | સે.૧ | ૨૩૨-૨૩૩૬૪ |
| રાજેશ ભટ્ટ | સે. ૩ | ૯૮૨૪૦૯૫૨૩૪ |
| કૈલાશબેન જોષી | સે. ૩ | ૨૩૨-૩૨૫૩૧ |
| કશ્યપભાઈ મહેતા | સે. ૪-એ | ૨૩૨-૨૬૩૩૦ |
| શશિકાન્તભાઈ મોઢા | સે. ૪-એ | ૯૪૨૬૮૭૧૮૯૨ |
| આર. એચ. ધામેચા | સે. ૪-સી- | ૯૮૨૪૪૧૬૦૦૨ |
| નિલેન્દુભાઈ વોરા | સે. ૫-એ | ૨૩૨-૩૩૪૪૫ |
| જયેશ ધ્રુવ | સે. ૫-એ | ૯૮૨૫૩૯૮૩૩૮ |
| અમરીષભાઈ ઓઝા | સે. ૬ | ૨૩૨-૨૭૯૩૮ |
| ચંદ્રકાન્ત જોષી | સે. ૭-એ | ૨૩૨-૨૮૪૬૪ |
| મયુરભાઈ વ્યાસ | સે. ૭-ડી | ૨૩૨-૨૫૩૯૦ |
| બી.એ. શુક્લ | સે. ૮ | ૨૩૨-૬૨૨૭૫ |
| દેવાભાઈ પરમાર | સે. ૧૪ | ૨૩૨-૩૭૯૩૫ |
| ચંદુજી ઠાકોર (ફતેપુરા) | સે. ૧૫ | ૯૯૭૯૫૦૭૫૭૬ |
| જી.એન. ખારોડ | સે. ૨૦ | ૩૨૦૬૦૬૦૫ |
| સી.પી. સોની | સે. ૨૧ | ૨૩૨-૨૧૮૩૫ |
| ઉદયભાઈ ત્રિવેદી | કોલવડા | ૯૯૨૪૫૧૫૬૪૯ |
| સી.ડી. ધનેશ્વર | સે. ૨૨ | ૨૩૨-૨૫૩૩૭ |
| સી.જી. કાસવા | સે.૨૨ | ૯૭૧૪૭૨૬૮૪૬ |
| શ્રીમતી લત્તાબેન ચોકસી | સે. ૨૨ | ૨૩૨-૨૦૧૬૦ |
| સુધીરભાઈ દેસાઈ | સે. ૨૩ | ૨૩૨-૨૫૨૯૭ |
| દિક્ષીત પટેલ | સે. ૨૩ | ૯૯૭૮૯૮૫૫૫૬ |
| કરશનભાઈ પરમાર | સે. ૨૩ | ૯૯૦૯૪૬૦૫૨૩ |
| જનકભાઈ રાવળ | સે. ૨૭ | ૯૪૨૭૩૩૬૩૭૪ |
| દિનેશસિંહ ચાવડા | સે. ૨૮ | ૯૮૨૪૦૬૫૦૫૬ |
| નિસર્ગ બુચ | સે. ૨૮ | ૨૩૨-૧૨૪૮૩ |
| ભાલચંદ્ર શુક્લ | સે. ૩૦ | ૨૩૨-૬૦૫૪૩ |
| ભરતભાઈ દિક્ષીત | બોરીજ | ૯૪૨૭૩૩૫૩૪૪ |
| પ્રદિપ સોલંકી | કુડાસણ | ૯૮૨૪૨૫૬૪૧૦ |



અશ્વિનભાઈ પટેલ કોમર્સ કોલેજ સેકટર-૨૩માં ટી.વાય.બી.કોમ. અને એમ.કોમ.ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. શેઠ ખીમજી વિસરામ હોલ ખાતે યોજાયેલ સમારોહમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ થીમ પર ડાન્સ, ગીત, શાયરી જેવા કાર્યક્રમો રજૂ કર્યા હતાં આ પ્રસંગે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# ટ્રકની અડફેટે સ્કુટીચાલક આધેડનું ઘટનાસ્થળે જ મૃત્યુ

## કોબા-ઈન્દિરા બ્રીજ માર્ગ પર મધર ડેરી સામે બનેલી ઘટના : ટ્રક મુકીને આરોપી ફરાર

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર પાસેના કોબા-ઈન્દ્રોડા બ્રીજ માર્ગ પરથી સ્કુટી લઈને પસાર થઈ રહેલા આધેડને બેફામ ગતિએ જતી એક ટાટા ટ્રકે અડફેટે લઈ લેતા સ્કુટી ચાલક અમદાવાદ સાબરમતીના આધેડનું ઘટના સ્થળ પર જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. આ બનાવ અંગે અડાલજ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં રહેતા આધેડ હિરાલાલ ભાટી ગઈ સમી સાંજે સ્કુટી લઈને કોબા-ઈન્દિરાબ્રીજ પરના મધર ડેરી સામેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન સડસડાટ નીકળેલી ટાટા ટ્રક નં. જીજે-૧-બી.વી. ૨૧૧૦ના ચાલકે સ્કુટીને ટકકર મારતા ચાલક હિરાલાલ ફંગોળાઈને રસ્તા વચ્ચે પટકાયા હતાં.

આ અકસ્માતમાં તેમને માથાના ભાગે તથા શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. મૃતકના પુત્ર પ્રકાશભાઈ ભાટીની ફરિયાદને આધારે ફરાર થઈ ગયેલા આરોપી ટ્રકચાલક સામે અડાલજ પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# 'ઉગાદી'... ગાંધીનગર તેલુગુ સંઘમનાં નવાં વર્ષના સ્વાગતમાં પ્રસાદ 'પચ્ચડી'

ગાંધીનગર, તા. ૩

ચૈત્રવદ-૧ને જેમ મહારાષ્ટ્રીયનો ગુડી પડવો ઉજવી નૂતન વર્ષ મનાવે છે એમજ આંધ્રપ્રદેશના રહેવાસીઓ પણ એજ દિવસે ઉગાદી ઉજવી એમના નવાં વર્ષનું હર્ષોલ્લાસથી સ્વાગત કરે છે. ગાંધીનગર તેલુગુ સંઘમના પ્રમુખ ડી. મારૂતી પ્રસાદની અધ્યક્ષતામાં ૩૧મી તારીખે ગાંધીનગર ટાઉનહોલ ખાતે શ્રી જય નામા સંવત્સરી ઉગાદીની અતિ ભવ્યતાપૂર્વક ઉજવાઈ ગઈ.

ગાંધીનગરમાં વસતાં પાંચસોથી વધુ તેલુગુ સભ્યોએ વિવિધ ડાન્સ અને ફેન્સીડ્રેસ સ્પર્ધા સાથે એમના નવા વર્ષનું સ્વાગત કર્યુ. ઉગાડી ઉજવવાં આવેલા સૌને નવાં વર્ષની પ્રસાદી તરીકે 'પચ્ચડી' આપવામાં આવી. પચ્ચડી એ છ પ્રકારનાં સ્વાદના પ્રતિક તરીકે અપાય છે. જીંદગી એ સુખ-દુઃખ-ગુસ્સો-ડર-આશ્ચર્ય-સંઘર્ષ જેવાં સ્વાદથી ભરેલી છે અને એને એકસાથે ગ્રહણ કરી મજા કરવાં જેવાં ઉદ્દેશ્યથી પચ્ચડીનું આચમન કરાય છે. આમાં લીમડો, ગોળ, કેળાં, આમલી, કેરી જેવા સ્વાદને ભેગાં કરી પચ્ચડીથી જીંદગીનું ફિલોસોફી સમજાવાય છે.

આ પ્રસંગે યોજાયેલાં સાંસ્કૃતિક કાર્યક્રમની શરૂઆત પ્રમુખ ડી. મારૂતીપ્રસાદ, કે. વિજયકુમાર, જે.વી. રમણ, કે. દિવાકર રાવ જેવાં મહાનુભાવોના હસ્તે દિપ પ્રાગટ્યથી કરાયું હતું. વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું સંચાલન અને ઉદ્‌ઘોષકનું રસાળ કામ ગટ્ટુ રમેશે કર્યું હતું.

તેલુગુ સમાજની મહિલાઓ સુંદર રંગોળી પુરતી હોય છે, એમની રંગોળી સ્પર્ધા પણ યોજાઈ. ટ્રેડિશન ડ્રેસ સ્પર્ધા એ આ કાર્યક્રમની શોભા બની રહી. આ કાર્યક્રમમાં કુચીપુડી અને ભારતનાટ્યમ, ફાંક ડાન્સ, ગીત, સંગીત, મિમિક્રિ વગેરેનું ધમાકેદાર પરર્ફોમન્સ પરિવારનાં બાળકો અને સભ્યો દ્વારા કરાયું.

તેલુગુ સંઘમ ગાંધીનગરના પ્રમુખ ડી. મારૂતી પ્રસાદે આ ભવ્ય કાર્યક્રમ દ્વારા 'ઉગાદી' ઉત્સાહભેર ઉજવવા બદલ સર્વે સભ્યોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

આંધ્રપ્રદેશના અસ્સલ પારંપરીક વસ્ત્રમાં સજ્જ થયેલાં કપલ ગટ્ટુ રમેશ અને સ્વપ્નાને બેસ્ટ ડ્રેસનું ઈનામ આપવામાં આવ્યું હતું.





ગાંધીનગરમાં માહિતી ખાતાની વડી કચેરીમાં ફરજ બજાવતા ડ્રાયવર એ.આર. દેરાસરી વય નિવૃત્ત થતા વિદાય સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શ્રેયાન સહાયક ઈજનેર મયુરભાઈ શાહ, વર્ગ-૩ કર્મચારી મંડળના પ્રમુખ દિનેશ ચૌહાણ, ડ્રાયવર મંડળના પ્રમુખ જી.એસ. ઠાકોર તેમજ અન્ય શાખાના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વાવોલના શાલીમ-૪ એપાર્ટમેન્ટની નવી કારોબારી સમિતિની રચના કરાઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલ ખાતે આવેલ શાલીન-૪ કો.ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા સોસાયટીના બગીચામાં તા. ૨૯મી માર્ચે રાત્રે ૯.૩૦ વાગે મળી હતી. આ સભામાં વર્ષ ૨૦૧૪-૧૫ માટે સોસાયટીના કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી. તેમજ વર્ષ ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો મંજુર કરવા સહિત અનેક મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

આ વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીની નવી કારોબારી સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે કાંતિભાઈ પ્રજાપતિ, મંત્રી પદે સુરેશભાઈ પટેલ અને ખજાનચી પદે હેમંત મોદીની વરણી કરાઈ હતી. આ ઉપરાંત કારોબારી સમિતિના અન્ય સભ્યોમાં પ્રફુલ્લભાઈ પારેખ, ફાલ્ગુન ભટ્ટ, પવનકુમાર તેલુરામ, સૂર્યકાન્ત પટેલ, ચેતેન્દ્ર માથુર, હર્ષદ મિસ્ત્રી, જયપ્રકાશ પ્રજાપતિ, રાજેશકુમાર, દેવેન્દ્ર ગોરસીયા અને અલ્કેશ જાનીની નિમણુંક કરવામાં આવી હતી. સોસાયટીના આંતરિક ઓડીટર તરીકે જયદિપસિંહ ડોડીયાની નિમણૂંક કરામાં આવી હતી.

વાર્ષિક સાધારણ સભામાં સોસાયટીના મેન્ટેનન્સ અને સુચારૂ વ્યવસ્થાપન અંગે વિવિધ ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. મીટીંગ થયા બાદ સભાસદો માટે વિદાય લઈ રહેલ કારોબારી સમિતિ દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી.

# ગિફ્ટ સીટી ગાંધીનગરમાં પોસ્ટ ઓફિસનો પ્રારંભ


ગાંધીનગર, તા. ૩

ગિફ્ટ સીટી ગાંધીનગરમાં ટપાલ સેવાનો વ્યાપ વધારવા માટે તેમજ ગિફ્ટ સીટી વિસ્તારના લોકોની સગવડ માટે ધ્યાનમાં લઈને પોસ્ટ ઓફિસની શરૂઆત કરવામાં આવી છે.

આ પોસ્ટ ઓફિસમાં રજીસ્ટર્ડ ટપાલ, સ્પીડ પોસ્ટ, મનીઓર્ડર, રજીસ્ટર્ડ, વેલ્યુબેઈબલ પાર્સલ તથા સેવિંગ્સ ખાતા, બચતપત્રોની સેવા મળશે. સવારે ૧૦.૦૦થી સાંજે ૬.૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે.

## અવસાન નોંધ

ગાંધીનગર તાલુકાના લવારપુર ખાતે વસતા કાળીદાસ મગનલાલ પટેલના ધર્મપત્ની કાશીબાનું અવસાન તા. ૩ એપ્રિલના રોજ થયું છે. સ્વર્ગસ્થનું બેસણુ તા. ૬ એપ્રિલ, રવિવારે તેમના નિવાસસ્થાન મુ. લવારપુર, તા. જી. ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.



## ગાંધીનગર રેલ્વેનું ગૌરવ વધારતા કનુભાઈ પટેલ

ગાંધીનગર રેલ્વે સ્ટેશન પર પ્રોટેકશન ફોર્સ (આર.પી.એફ.) વિભાગમાં પ્રધાન આર.સી. તરીકે ફરજ બજાવતા કનુભાઈ સી. પટેલને વિશિષ્ટ તથા પ્રશંસનીય સેવાઓને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલ્વે મુંબઈના જનરલ મેનેજર હેમંતકુમાર દ્વારા મુંબઈમાં કનુભાઈ પટેલનું સન્માન કરી એવોર્ડ પ્રદાન કરેલ છે. કનુભાઈ પટેલ પોતાની સર્તકતાથી સંભાવિત રેલ અકસ્માત ટાળવામાં સફળતા પ્રાપ્ત કરેલ છે. રેલ્વેમાં ઘરેથી ગુમ થયેલા બાળકો/યુવતીઓને સહી સલામત વ્યવસ્થિત તેમના વાલીઓને ભેટો કરાવવામાં સફળતા મેળવેલ છે. રેલ્વે યાત્રીઓને મદદ કરવામાં પોતાની હંમેશા ફરજ સમજીને મદદગાર બનતા રહે છે. રેલ્વે દ્વારા રોકડ રકમ તથા પ્રશંસનીય પત્ર આપી મુંબઈ ખાતે સન્માનિત કરવામાં આવ્યા છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૩

સૂર્યાસ્ત : ૬.૫૩

## તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૧.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૯ ટકા ● સાંજે ૨૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

મે તેરા હીરો : ૧૨.૩૦,૩.૨૦,૬.૩૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યંગીસ્તાન : ૧.૩૦, ૧૦.૦૦

ક્વીન : ૪.૦૦ ● રાઉડી (તેલુગી) : ૭.૦૦

: સ્ક્રીન-૪ :

મે તેરા હીરો : ૧૦.૦૦, ૧૨.૩૦

જલ : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

મે તેરા હીરો : ૧૨.૩૦

ક્વીન : ૪.૦૦ ● જલ : ૭.૦૦

યંગીસ્તાન : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

યંગીસ્તાન : ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦

: સ્ક્રીન-૨ :

ઓ-તેરી : ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫

ક્વીન : ૧૨.૧૫, ૫.૩૫

: સ્ક્રીન-૩ :

રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦

ઓ-તેરી : ૧૨.૫૦, ૫.૫૦

: સ્ક્રીન-૪ :

ઢીશ્કીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

મે તેરા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૨ :

કેપ્ટન ઓફ અમેરિકા : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

યંગીસ્તાન : ૧૨.૩૦

મે તેરા હીરો : ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મે તેરા હીરો : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કેપ્ટન ઓફ અમેરિકા : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

જલ : ૧૧.૦૦, ૭.૦૦

વીસ્કી ઈઝ રીસ્કી : ૨.૦૦, ૧૦.૦૦

રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજ :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. નવા સંબંધ બનશે. સત્સંગ થશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો સાથે મતભેદ થઈ શકે છે.

**વૃષભ** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નોકરી, વ્યાપાર, રોજગારમાં સમય પર નિર્ણય ન લેવાથી હાનિ થઈ શકે છે. આવક- ખર્ચમાં સંતોલન રહેશે. કાર્યક્ષમતામાં વૃદ્ધિ થશે.

**મિથુન** : બુદ્ધિ અને મનોબળથી સુખ-સંપન્નતાની સ્થિતિ બનશે. આપના થકી વ્યવસાયિક ક્ષેત્રે નવી યોજના બની શકશે જેનો લાભ ભવિષ્યમાં થશે. પ્રયત્નો ચાલુ રાખવા.

**કર્ક** : મિત્રોની સાથે સમય પસાર થશે. નવા સંબંધ બની શકે છે. તમારા કાર્યોની સમાજમાં અને વ્યવસાયક્ષેત્રે નોંધપાત્ર પ્રશંસા થશે. જમીન- મકાન ખરીદવાની આકાંક્ષા પૂર્ણ થવાની સંભાવના રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયક્ષેત્રે સમસ્યાઓ હોવાં છતાં કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક લાભનાં સ્ત્રોતોથી સંબંધી ઉત્પન્ન થયેલી સમસ્યાઓ છતાં કાર્ય પૂર્ણ થવાની સંભાવના છે.

**કન્યા** : પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થવાની સંભાવના છે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થવાના યોગ પ્રબળ બની રહ્યા છે. વધુ પ્રયત્ન કરવો પડશે.

**તુલા** : કૌટુંબિક ચિંતાથી મન ખિન્ન થશે. વધુ ખર્ચ ન કરવો, નહીં તો મુશ્કેલી થઈ શકે છે. આપના અથાગ રીતે કરેલ મહેનતનું ફળ તરત જ મળી શકશે.

**વૃશ્ચિક** : અટકેલા કાર્ય સમય પર પૂરા કરવા આપ કટીબદ્ધ બનશો. વ્યકિતગત કાર્યોમાં ઉન્નતિ પ્રાપ્ત થશે. કાયદાકીય બાબતોમાં આત્મવિશ્વાસમાં કમી આવવાની સંભાવના છે.

**ધન** : કાર્યક્ષેત્રમાં વિધ્નો ઉત્પન્ન થઈ શકે છે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. અટવાયેલા નાણાં પરત મળી શકે છે. સંચિત ધનમાં વૃદ્ધિનો યોગ.

**મકર** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. જૂના કાર્યોમાં ઉભી થયેલી સમસ્યાઓનું નિરાકરણ થઈ શકશે.

**કુંભ** : કોઈ વરિષ્ઠ વ્યક્તિઓ અને નિતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થવાની સંભાવના રહેલી છે. શાસનથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્યવર્ધક યાત્રા- પ્રવાસનો યોગ બને છે. કલાક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ પ્રાપ્તિનો યોગ. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

## ચિરવિદાય

- સ્વ. મંગૂબેન નારણભાઈ પરમાર (ઉ.વ.૬૫) પ્લોટ નં. ૭૨૦/૧, સેકટર-૫/બી, ગાંધીનગર.
- સ્વ. બળવંતભાઈ શકરાભાઈ દંતાણી(ઉ.વ.૫૫) મુ.પો. હાલીસા, તા.,જિ . ગાંધીનગર.
- સ્વ. મહોબ્બતસિંહ વિસાજી ગોહિલ(ઉ.વ.૫૫) મુ.પો. ઈન્દ્રોડા, તા.,જિ . ગાંધીનગર.